ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૦/૧૯–૨૦/ 4632 તારીખ : 20 NOV 2019

**આર.પી.એ.ડી.**

કેસ નં.૮૦/૧૯–૨૦

પ્રતિ,
**શ્રી વહતુભાઈ કાળાભાઈ,**
રહે. હડદડ,
તા.જી.બોટાદ.
**મો.નં. ૯૯૭૯૦ ૦૫૩૬૩.**

**વિષય : મીટર જમ્પ મારી જવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૭/૧૦/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૦/૧૯–૨૦/૪૦૫૨ તા.૧૫/૧૦/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૦/૧૯–૨૦/૪૧૯૭ તા.૨૨/૧૦/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૫/૧૧/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **બોટાદ શહેર–૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૮૦/૧૯–૨૦ ☜

વાદી :– શ્રી વહતુભાઈ કાળાભાઈ

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખ:– ૦૫.૧૧.૨૦૧૯ ◈

હાજર રહયા :– શ્રી વહતુભાઈ કાળાભાઈ – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એન. આર. પાનસુરીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી વહતુભાઈ કાળાભાઈ, મુ.હડદડ, તા.જી.બોટાદની મીટર જમ્પ મારી જવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૦/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં.બીઝેડ/ફોરમ/૮૦/૧૯–૨૦/૪૦૫૨ તા.૧૫.૧૦.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૫.૧૧.૨૦૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી વહતુભાઈ કાળાભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફેશ્રી એન. આર. પાનસુરીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોને રૂા.૩૫,૮૬૫.૦૩ નું જે બીલ મીટર જમ્પ મારી જવાથી આપેલ તે લેબમાં બરાબર છે, તો આ સાથે બોટાદ લેબનો રીપોર્ટ સાથે જોડેલ છે. તો અમારી રજુઆત સાંભળવાની આપ તક આપશો.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,**

૨.૧ અરજદારશ્રી વહતુભાઈ કાળાભાઈ, સાગર પાઈપ પાસે મુ.હડદડ ખાતે ગ્રાહક નં.૮૫૮૧૪/૦૨૮૪૬/૭ થી ૦.૫ કી.વો.નું ઘરવપરાશ હેતુ માટેનું વીજજોડાણ ધરાવે છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

..૨..

૨.૨ આ વીજજોડાણનું વીજબલ તા.૨૬.૬.૧૯ ના રોજ ૫૨૬૭ યુનિટનું રૂા.૩૫૪૧૪ નું બનાવવામાં આવેલ જેના અનુસંધાને અરજદાર દવારા તા.૨૬.૬.૧૯ ના રોજ સદર વીજજોડાણ વાળું મીટર ફાસ્ટ હોવાથી રજુઆત બોટાદ શહેર–૨ પે.વી. કચેરી ખાતે કરેલ.

૨.૩ આથી આ મીટર ફાસ્ટ હોવાના પરીક્ષણ અર્થે પીજીવીસીએલ લેબમાં વધુ ચકાસણી કરવા હેતુ તા.૮.૭.૧૯ ના રોજ સદર મીટર બદલાવી પેપરપેક કરવામાં આવેલ જે જુના અને નવા મીટરની વિગત નીચે મુજબ છે.

| વિગત | જુના મીટરની વિગત | નવા મીટરની વિગત | જોડેલ લોડ | | | |
|---|---|---|---|---|---|---|
| મીટર નં./પ્રકાર | ૧૦૪૮૭૦૦૮ (STATIC) | ૪૩૦૮૪૩૭ (STATIC) | સાધનો | વોટ | નંગ | |
| એમ્પીયર કેપે. | 5-30 Amp | 5-30 Amp | લેમ્પ | ૧૦૦ | ૧ | ૧૦૦ |
| કંપનીનું નામ | L & T | Linkwell | CFL લેમ્પ | | | |
| લેબોરેટરી નં. | BDX.C.10.03.008 | GDX D 19.03.174 | ટેબલ પંખો | ૪૦ | ૧ | ૪૦ |
| વાંચન | Not readable KWh | 000 KWH | ફ્રીઝ | | | |
| કુલ જોડેલ લોડ : ૧૪૦ વોટ | | | પાણીની મોટર | | | |

૨.૪ જે મીટરની ચકાસણી ગ્રાહકશ્રી ની હાજરીમાં કરવા તેમને લેબમાં ઉપસ્થિત રહેવા તા.૮.૭.૧૯ ના રોજ લેબ નોટીસ આપવામાં આવેલ અને તેમાં તા.૧૭.૭.૧૯ ના વાર બુધવાર અથવા તા.૨૪.૭.૧૯ ના બુધવાર અથવા તા.૩૧.૭.૧૯ ના બુધવાર રોજ લેબમાં હાજર રહેવા જણાવેલ.

૨.૫ સદર ગ્રાહકશ્રીની હાજરીમાં તા.૧૭.૭.૧૯ ના રોજ સદર પેપરપેક મીટરની ચકાસણી કરવામાં આવેલ અને મીટર ટેસ્ટીગ રીપોર્ટ નં.૬૫૭/૧૭.૭.૧૯ મુજબ મીટરમાં છેલ્લા kwh ૭૬૮૫ માલુમ પડેલ તેમજ મીટરનો એક્યુચેક ટેસ્ટ લેતા મીટર રીઝલ્ટ બરાબર આવેલ. મીટરમાં તારીખ અને સમય ખોટા બતાવતું માલુમ પડેલ અને મીટરનો એમ.આર.આઈ. આવેલ નથી તેમજ મીટર હીસ્ટ્રી પેરામીટર પણ દર્શાવતું નથી. આમ મીટર ડીફેક્ટીવ માલુમ પડેલ.

૨.૬ સદર ગ્રાહકના consumer Consumption report – ૮૮૪ પીઆરટી મુજબ કનેકશન રીલીઝ થી ૨૬.૬.૧૯ સુધીમાં ૫૩ બીલ આપવામાં આવેલ જેમાંથી કુલ ૧૧ બીલ સિવાય બાકીના તમામ બીલ લોકના બનેલ છે.

૨.૭ વર્ષ ૨૦૧૯ માં મીટરમાં નોંધાયેલ વપરાશ મુજબ તા.૦૨.૦૧.૧૯ ના રોજ ૯૦ યુનીટ (૨૪૧૨–૨૩૨૨) નું બીલ આપવામાં આવેલ, ત્યારબાદ બે લોકના બીલ તા.૨૬.૦૬.૧૯ ના રોજ મીટરમાં નોંધાયેલ યુનીટ (હાલ ની વાંચન ૭૬૭૯ – આગળનું વાંચન ૨૪૧૨) મુજબ ૫૨૬૭ યુનીટનું બીલ આપવામાં આવેલ છે. જે મુજબ કુલ દિવસ ૧૭૫ માં ૫૨૬૭ યુનીટ નોંધાયેલ માલુમ પડેલ છે. એટલે કે ૩૦.૦૯ યુનીટ/ દિવસ નો વપરાશ માલુમ પડેલ.

P.G.V.C.L. Bhavnagar

૨.૮ સદર સ્થળ ઉપર જુ.ઈ. શ્રી, બોટાદ શહેર–૨ દવારા તા.૦૨.૧૧.૧૯ ના રોજ સ્થળ પર લોડ વેરીફીકેશન કરવામાં આવેલ અને જે દરમ્યાન નવા મીટરમાં રીડીગ ૯૫ અને લોડ ૦.૧૪૦ કી.વોટ માલુમ પડેલ.

૨.૯ તેમજ સદર મીટર બદલાવ્યા બાદ નવા મીટરમાં (મીટર બદલ્યા તા.૦૮.૦૭.૧૯ થી બીલ તા.૦૨.૧૧.૧૯ સુધી કુલ દિવસ – ૧૧૭ માં) કુલ ૯૪ (૩૪ + ૬૦) યુનીટ નોંધાયેલ છે.

૨.૧૦ આમ સદર મીટરના લેબ પરીક્ષણ દરમ્યાન મીટર બરાબર માલુમ પડેલ પરંતુ સ્થળ જોડેલ લોડ મુજબ મીટરમાં અસામાન્ય વપરાશ નોંધાયેલ છે. જેથી અસામાન્ય વપરાશ નોંધાયેલ બીલ રદ કરી અને એવરેજ બીલ આપવામાં આવશે.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર વહતુભાઈ કાળાભાઈ મુ.હડદડ, તા.બોટાદમાં ઘરવપરાશનું સીંગલ ફેઈઝ વીજજોડાણ ગ્રાહક નં.૮૫૮૧૪/૦૨૮૪૬/૭ થી ધરાવે છે.

૩.૨ પ્રતિવાદી દવારા તા.૨૬.૦૬.૧૯ ના રોજ વાદીને ૫૨૬૭ યુનીટનું રૂા.૩૫,૪૧૪/– નું મે–જુન બીલ્ડ ઈન જુલાઈમાં વપરાશનું બીલ આપવામાં આવેલ.

૩.૩ વાદીની ફરીયાદ પરથી પ્રતિવાદીએ તા.૦૮.૦૭.૧૯ ના રોજ વાદીનું સીંગલ ફેઈઝ મીટર બદલાવી આપેલ, મીટર બદલતી વખતે વાદીનાં મીટરનું વાંચન અવાચ્ય હોવાથી, રીડીંગની નોંધ કરવામાં આવેલ નહી.

૩.૪ પ્રતિવાદીએ જણાવ્યા મુજબ વાદીનાં સીંગલ ફેઈઝ વીજસ્થાપનનો જોડેલ લોડ ૧૪૦ વોટ છે તેમજ વાદીનાં વીજવપરાશની સરેરાશ આશરે ૮૦ યુનીટની છે, જયારે વાદીને મે–જુન ની વપરાશનું બીલ ૫૨૬૭ યુનીટનું આપવામાં આવેલ.

૩.૫ તા.૧૭.૦૭.૧૯ ના રોજ વાદીની હાજરીમાં વાદીનાં મીટરનું પરીક્ષણ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં કરવામાં આવેલ, જેમાં મીટરનાં રીડીંગ ૭૬૮૫ માલુમ પડેલ તેમજ મીટરનો એમ.આર.આઈ. મળી શકેલ નહી અને મીટરમાં તારીખ અને સમય ખોટા જણાયેલ એટલે કે મીટરનું RTC યુનીટ ડીફેકટીવ જણાયેલ.

૩.૬ વાદીનું જુનું મીટર બદલાવી નવું મીટર લગાડેલ જેમાં તા.૦૮.૦૭.૧૯ થી તા.૦૨.૧૧.૧૯ સુધીમાં એટલે કે, ૧૧૭ દિવસ દરમ્યાન ૯૪ યુનીટની વીજવપરાશ નોંધાયેલ.

૩.૭ ઉપરોકત તારણ નં.૩.૫ અને ૩.૬ મુજબ વાદીનાં મીટરનો એમ.આર.આઈ. ડાઉનલોડ તેમજ મીટરનો RTC યુનીટ ડીફેકટીવ હોઈ અને વાદીનાં નવા મીટરમાં આશરે રોજનાં ૧ યુનીટથી પણ ઓછીની વીજ વપરાશ હોય, વાદીને આપવામાં આવેલ ૫૨૬૭ યુનીટનું બીલ રદ કરવું અને વાદીને મે–જુન બીલ્ડ ઈન જુલાઈનું સરેરાશ વપરાશનું બીલ આપવું તેમજ વાદીને આપવામાં આવેલ રૂા.૩૫,૪૧૪/– ની રકમ ઉપર લગાડેલ ડી.પી.સી. રદ કરવું.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે."

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| (બી. જે. દવે) | (પી. એન. આજકીયા) | (એમ. આર.વજરીયા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી, |
| | | ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ |
| | | પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :– ૦૫.૧૧.૨૦૧૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar